# મિસ્ટર 'જી'

'જિપ્સી'એ ભારતને અલવિદા કર્યા બાદ પણ તેણે હિમાલયમાં વિતાવેલા દિવસોની યાદ પુસ્તકમાં રાખેલા સ્મૃતિના સુગંધી પુષ્પ જેવી જ તેના માટે તાજી રહી હતી. સમયનું પુસ્તક ખોલતાં આ ગુલાબની પાંખડીઓમાં રહેલી યાદગીરીની મહેંક ફરીથી તેને લઇ જાય છે સ્મૃતિવનમાં...

આવી જ એક પાંખડીમાંથી પમરાતી ખુશબૂ મને લઇ ગઇ, રજૌરીના મારા સેક્ટર હેડક્વાર્ટરની એક ચોકી - 'બડા ચિનાર' પર. અહીંથી કૃષ્ણગંગા નદી - જે પાકિસ્તાનમાં નીલમ નદી કહેવાય છે - કેવળ સો ગજ દૂર હતી અને નદીના વહેણ વચ્ચેથી પસાર થતી અદૃશ્ય એવી અંકુશરેખા (LOC). નદીકાંઠે આવેલી અમારી ચોકીની ઓબ્ઝર્વેશન પોસ્ટથી પાકિસ્તાનના કબજાનાં કાશ્મીરના મીરપુર જિલ્લાનાં ગામ નજરે આવે.

એકવાર સામા કાંઠાના એક ગામમાં અનેક પેટ્રોમૅક્સ બત્તીઓનો ઝગમગાટ જોવામાં આવ્યો. સાથે સાથે લાઉડસ્પીકરમાંથી મીરપુરી -પોથવારી બોલીનાં ગીતો સંભળાવા લાગ્યાં. આખી રાત મહેફિલ ચાલી. બીજા દિવસે અમારી ચોકીની નજીકના સરપંચને અમે બોલાવ્યો અને સીમાપારના ગામમાં શું થતું હતું, તે પૂછ્યું.

'અરે સાહેબ, એ ગામના રહેવાસી મલિક સાહેબ જે કેટલાંક વર્ષોથી વિલાયતમાં રહે છે, તે રજા પર આવ્યા છે. તેમણે આજુબાજુના બધા ગામવાસીઓને દાવત માટે બોલાવ્યા હતા.'

'એમ કે ? શાની દાવત હતી ?'

'મલિક સાહેબે કોટલી શહેર પાસેના તાતાપાની ગામમાં બીજી શાદી કરી. પોતે તો જૂના વિચારના છે, પણ પત્ની ખૂબસૂરત જોઇએ ! અને જુઓ તો, એવી બૈરી એમને મળી પણ ગઇ ! એનાથી વીસ વર્ષ નાની ! પરદેશ જવા માટે લોકો કંઇ પણ કરી શકે ! શું જમાનો આવ્યો છે !' કહી તેણે આકાશ ભણી બન્ને હાથ ઊંચા કર્યા અને જતો રહ્યો.

રજૌરીમાં કેટલાક મહિના ગાળ્યા બાદ મારી બદલી થઈ. નવી જગ્યા અને નવો દાવ, નવા અનુભવ અને હાડ ગાળી નાખે એવી ભૂમિમાં અનંત કાળ જેવાં બે વર્ષ રહ્યો. ત્યાર પછી સમય તેજ ગતિથી વહેવા લાગ્યો અને 'જિપ્સી' તેમાં તણાતો ગયો. ફોજમાંથી નિવૃત્તિ લઇને તે લંડન ગયો, જ્યાં તેનાં પ્રિયજનો છેલ્લાં ચાર વર્ષથી તેની રાહ જોઇ રહ્યાં હતાં.

* * *

લંડન ગયા બાદ જિપ્સીને સ્થાનિક સોશિયલ સર્વિસીઝમાં નોકરી મળી. કામ પર હાજર થયો, ત્યારે મને આપવામાં આવેલા case-loadમાં દસ પાકિસ્તાની પરિવાર હતાં. હું કેસની ફાઇલો જોઇ રહ્યો હતો, ત્યાં જ

અમારી ટીમનાં મૅનેજર એલિઝાબેથ વેબ મારી પાસે આવ્યાં અને કહ્યું, 'Naren, may I have a word with you ?' હું તેમની ઓફિસમાં ગયો.

'તમે મિસ્ટર 'જી'ની ફાઇલ જોઇ ? મિસ્ટર 'જી'ના ઘરમાં અકસ્માત આગ લાગી છે. મિસિસ 'જી'ની હાલત ગંભીર છે એવો મને હમણાં પોલીસનો ફોન મળ્યો. મિસ્ટર 'જી' અંગ્રેજી નથી જાણતા. આ સંકટકાલીન હસ્તક્ષેપ (Crisis Intervention)નો કેસ છે. સૉરી, કામના પહેલા દિવસે તમને deep endમાં ધકેલું છું. ત્યાં જઇને તમે મિસ્ટર 'જીને બને એટલી મદદ કરશો. કોઇ તકલીફ જણાય તો મને ફોન કરજો. તમારી સહાયતા માટે હું ક્રિસ્ટીનને મોકલીશ.' ક્રિસ્ટીન અનુભવી સોશિયલ વર્કર હતી.

તે દિવસે સવારના જ મેં મિસ્ટર 'જી'ની ફાઇલ ઉતાવળમાં જોઇ હતી. તેમની જરૂરિયાતોની આકારણી (Assessment) કરવા તેમને મળવા જવાનો વિચાર કરતો જ હતો. ટૂંકમાં કહીએ તો; તેમની ઉંમર ૭૫, આખું નામ 'મિસ્ટર અહેમદજી'. પરિવારમાં પત્ની અને ૧૯ વર્ષનો પુત્ર. અમારી ટીમ ક્લાર્કે 'અહેમદજી'ના 'જી'ને અટક સમજીને ફાઇલ પર નામ લખ્યું હતું, "મિસ્ટર 'જી'". મને લાગ્યું કે કાકા ગુજરાતના હશે, કામ થોડું આસાન થશે !

મિસ્ટર 'જી' કાઉન્સિલના મકાનમાં પરિવાર સાથે રહેતા હતા. ત્યાં જઇને જોયું તો તેમના ઘરની બહાર પોલીસની રોવર કાર અને ફાયર બ્રિગેડનો બંબો હતો. સ્કૉટલેન્ડ યાર્ડનો એક સાર્જન્ટ અને એક કૉન્સ્ટેબલ મકાનની બહાર ઊભા હતા.

"મિસ્ટર 'જી'ના ઘરમાં આગ લાગી હતી. મિસિસ 'જી' ઘરમાં એકલાં હતાં. ઘરમાંથી ધુમાડાના ગોટા નીકળતા જોઇ તેમનાં પાડોશીએ ફાયર બ્રિગેડ બોલાવી હતી. અમારી કાર્યવાહી મુજબ ફાયર બ્રિગેડ અને પોલીસ સાથે મળીને કામ કરતા હોઇએ છીએ, તેથી અમને પણ આની સૂચના મળી હતી. અફસોસ છે કે મિસિસ 'જી'નું હૉસ્પિટલ પહોંચતાં પહેલાં જ અવસાન થયું હતું. તેમના પતિ મસ્જિદમાં હતા.

'અમે તેમને જણાવ્યું છે કે તેમનાં પત્નીને હોસ્પિટલ પહોંચાડ્યાં છે, પણ તેઓ અમારી વાત સમજી શકતા નથી અને ન તો અમે તેમની વાત ! અમારે તેમને રાબેતા મુજબના સવાલ પૂછી અમારો રિપોર્ટ તૈયાર કરવાનો છે. તમે અમારી મદદ કરી શકશો ? મિસ્ટર 'જી'ને હજી ખબર નથી કે તેમનાં પત્નીનું અવસાન થયું છે. આ દુ:ખદ સમાચાર પણ તમારે જ તેમને આપવાના છે. મને આશા છે કે તમે આ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી શકશો." સાર્જન્ટે કહ્યું.

પોલીસની રોવરમાં બેસીને અમે હોસ્પિટલ ગયા. ત્યાં રિસેપ્શન હૉલના ખૂણામાં મિસ્ટર 'જી' બેઠા હતા. અમને જોઈને તે ઊભા થયા. છ ફીટ ઊંચા, સફેદ દાઢીમૂછ, માથા પર પરંપરાગત ટોપી અને જાડી ફ્રેમનાં ચશ્માં પહેરેલા કાકાના ચહેરા પર ચિંતાની લકીર સ્પષ્ટ દેખાતી હતી. મેં તેમને 'અસ્સલામો-અલયકુમ'

કહીને ઉર્દૂમાં વાત શરૂ કરી અને મારો પરિચય આપ્યો. તેમણે ‘વ અલયકુમ સલામ’ કહીને મને સવાલ પૂછ્યા, ત્યારે હું ચકરાઇ ગયો: તેઓ આઝાદ કાશ્મીરની કોઇ બોલીમાં વાત કરતા હતા! કાશ્મીરમાં મેં નોકરી કરી હોવાથી હું ગુજ્જર જાતિની ખાનાબદોશ ભરવાડ કોમના સંપર્કમાં હતો, તેથી થોડાઘણા ગુજ્જરી શબ્દો જાણતો હતો. તેનું મિશ્રણ ગામઠી પંજાબીમાં કરી જોતાં જણાયું કે તેઓ મારી વાત સમજી શકતા હતા અને અનુમાનથી હું પણ તેમની વાત સમજવા લાગ્યો હતો. પ્રથમ તો પોલીસની કારવાઈ પૂરી કરી અને ત્યાર બાદ તેમને દુ:ખદ સમાચાર આપ્યા. જૈફ વયે પહોંચેલા મિસ્ટર ‘જી’ હચમચી ગયા. આ એવી ઘડી હતી કે જ્યાં વય, સ્થાન, ધર્મ, રાષ્ટ્રીયતા વિલય પામ્યાં; બચી ગયા હતા, કેવળ બે માનવ ! મિસ્ટર ‘જી’ મારા ખભા ઉપર માથું મૂકીને રડી પડ્યા. હું તેમની પીઠ પર હાથ ફેરવતો રહ્યો. પેલા પોલીસ સાર્જન્ટથી રહેવાયું નહિ. તેઓ જલદીથી જઈને પાણીનો ગ્લાસ લઇ આવ્યા. થોડીવારે સ્વસ્થ થયા બાદ ચશ્માં ઉતારી, કાચ સાફ કરી, આંખો લૂછીને તેમણે મને કહ્યું, ‘પટેલ સા’બ, મારા નાના પુત્તર સજ્જાદને ગમે તેમ કરી બોલાવી આપો. બેગમનો એ બહુ વહાલો દીકરો હતો.’

બ્રિટનમાં અફર (Stereotyped)) એવી અત્યંત સામાન્ય હકીકત છે કે જેમાંથી આપણા લોકો પણ  બાકાત નથી. તેમના મતે ગુજરાતી માણસ ‘પટેલ’ જ હોવો જોઇએ ! તેથી બિનગુજરાતી કે ભારતીય-પાકિસ્તાની આપણા લોકોને ‘પટેલ’ જ ધારે. મિસ્ટર ‘જી’એ મારું નવું નામાભિધાન કર્યું તે અમારા સંબંધ વચ્ચે કાયમનું સંબોધન બની ગયું. હોસ્પિટલના સ્ટાફના સૌજન્યથી મેં તેમનો ટેલિફોન વાપર્યો અને ક્રિકલવૂડની મસ્જિદમાં સ્થપાએલ ‘આઝાદ કાશ્મીર એસોસિએશન’ના અગ્રણી સાથે વાત કરી. તેમને વિનંતિ કરી કે તેઓ સજ્જાદને પણ લઈ આવે. એકાદ કલાક પછી સજ્જાદ અને તેમની કોમના અગ્રણી મિસ્ટર અક્રમ મલિક આવી પહોંચ્યા. અક્રમ મલિકની વાત કરવાની છટા અને ચહેરા ઉપરના ભાવ જોઈને તરત જ જણાઈ આવ્યું કે તેમને ભારતીય લોકો પ્રત્યે ખાસ પ્રેમ નથી. ‘તમે ઈન્ડીઅનો અમારા માટે કશું કરી શકવાના નથી. ભલે તમે સોશિયલ વર્કર હશો, પણ જ્યાં સુધી અમારા જેવા કાશ્મીરીઓ પ્રત્યે.....’

મેં તેમની વાત ત્યાં જ કાપી અને તેમને કહ્યું, ‘મારે મિસ્ટર ‘જી’ને રહેવા માટે કાઉન્સિલના ખર્ચે હોટલમાં રહેવાનો બંદોબસ્ત કરવા જવું પડશે. બાકી ફ્યુનરલ વગેરેની વ્યવસ્થા કાલે કરીશ  કારણ કે પોસ્ટ મોર્ટમ કાલે થવાનું છે.’ કાયદા પ્રમાણે બેઘર (Homeless) વ્યક્તિને કામચલાઉ રહેઠાણ આપવાની જવાબદારી કાઉન્સિલની હોય છે તે હું જાણતો હતો.

મિસ્ટર મલિક થોડા ઝંખવાણા પડી ગયા. ‘અરે પટેલ સા’બ, તમે તો નારાજ થઇ ગયા ! જુઓ, અહેમદજીને તેમનો મોટો દીકરો વાજીદ થોડા દિવસ માટે લઈ જશે. ત્યાં સુધીમાં તમારે જે વ્યવસ્થા કરવાની હોય તે કરજો, બાકી રહી ફ્યુનરલની વાત. અમારી કોમનો મામલો હોવાથી આની અમે અમારી મસ્જિદ તરફથી વ્યવસ્થા કરીશું. બીજી વાતો માટે તમારા ડિપાર્ટમેન્ટ તરફથી જે કરવું હોય તે કરજો અને યાદ રાખજો. તમારો એરિયા મેનેજર મારો દોસ્ત છે.’ આ કહેવાનો મતલબ હતો કે કામમાં કોઇ ખામી રહી જાય તો ‘ઠેઠ ઉપર સુધી’ વાત જશે. વસાહતીય (Colonial) મનોવૃત્તિનો આ સારો નમૂનો હતો !

સોશિયલ સર્વિસીઝમાં જોડાતાં પહેલાં ભારત-પાકિસ્તાનની કોમ માટે ચાલતા કેન્દ્રમાં હું કૉમ્યુનિટી ડેવેલપમેન્ટ ઓફિસર હતો. આપણા લોકોને મદદરૂપ થાય તેવા સમાજ કલ્યાણ વિષયક કાયદાઓનો મેં ઝીણવટથી અભ્યાસ કર્યો હતો, જેના આધારે મારું કામ ઝડપથી પૂરૂં થયું. અહેમદજીને બે દિવસમાં જ કામચલાઉ (Temporary) ફ્લૅટ મળી ગયો. રાશન, ગૅસ, વીજળી વગેરેની બધી વ્યવસ્થાઓ કરી આપી. ત્રણેક મહિનામાં કાઉન્સિલે તેમનો મૂળ ફ્લૅટ રિપૅર કરી આપ્યો. અમારી કચેરીને આવી આપત્કાલીન હાલતમાં આવેલા 'ક્લાયન્ટ્સ' માટેના ખાસ ફંડમાંથી અમે તેમને નવું ગૅસ કૂકર તથા અન્ય ઉપકરણો મેળવી આપ્યાં. સજ્જાદ સાથે તેઓ પોતાના ઘરમાં રહેવા ગયા, ત્યારે મેં તેમનો કેસ 'ક્લોઝ' કર્યો. જો કે તેઓ મને અવારનવાર મળવા આવતા રહ્યા.

એક દિવસ મિસ્ટર 'જી' મારી ઓફિસમાં આવ્યા. મને કહે, 'પટેલ સા'બ, સજ્જાદ અઢાર વર્ષનો થયો છે. તેણે હવે લગ્ન કરી લેવાં જોઇએ એવું મારું માનવું છે. વતનમાં મારા નાના ભાઈની દિકરી સાથે તેના લગ્નની વાત થઈ ગઈ છે. જો લગ્ન થઈ જાય તો આ ડોસાની સેવા થશે અને સાથેસાથે અમને સૌને ત્રણ વખતનું ભોજન પણ નિયમિત રીતે મળશે. એક મિત્ર તરીકે તમારો અભિપ્રાય માગું છું.'

'જુઓ ચાચા, સજ્જાદ મારો દીકરો હોય તો હું તેનાં લગ્ન આટલી નાની ઉંમરમાં ન કરૂં. તેને સારી નોકરી મળે, સ્થિર-સ્થાવર થાય, પોતાની જવાબદારી સમજે; ત્યારે તેના લગ્નનો વિચાર કરવો સારો.' મેં કહ્યું.

સજ્જાદ તે વખતે તેના કોઈ સગાની દુકાનમાં શૉપ આસિસ્ટન્ટનું કામ કરતો હતો. 'સગપણ'ના કારણે તેને પગાર સાવ ઓછો - કલાકના દોઢ પાઉન્ડના હિસાબે - અપાતો હતો, જ્યારે સરકારી કાયદા અનુસાર તેને ઓછામાં ઓછા ત્રણ પાઉન્ડ મળવા જોઇએ. મારી વાત સાંભળી કાકા થોડા વિચારમાં પડી ગયા. અંતે મને 'ખુદા હાફિઝ' કહીને ઘેર ગયા. ત્યાર બાદ છસાત મહિના સુધી તેમની સાથે સંપર્ક ન રહ્યો.

મારું કામ એવું હતું કે મને મળવા આવનાર ક્લાયન્ટને પહેલેથી એપોઇન્ટમેન્ટ લેવી પડે. ફક્ત બુધવારે મેં 'ઓપન હાઉસ' જેવી વ્યવસ્થા રાખી હતી. મને મળવા આવનાર વ્યક્તિ રિસેપ્શનમાં બેસી નંબરવાર આવીને મને મળે. આવા એક બુધવારે આઝાદ કાશ્મીર એસોસિએશનના મિસ્ટર મલિક મને મળવા આવ્યા. આ વખતે તેઓ અમારા વૉર્ડમાંથી કાઉન્સીલર તરીકે ચૂંટાઇ આવ્યા હતા.

'તમે અમારી કોમ માટે સારું કામ કરો છો એવા મને રિપોર્ટ મળ્યા છે. તમારા ડિપાર્ટમેન્ટની સોશિયલ સર્વિસીઝ કમિટીનો હું મેમ્બર છું. ખેર, પેલા અહેમદજી તમને હજી મળે છે કે ? તમને ખબર છે કે તેમની બીબી શાહિનબેગમે ખુદકુશી કરી હતી ?'

આ વાતની મને તે સમયે જ જાણ થઇ હતી, પણ 'Client Confidentiality'ના નિયમના કારણે મેં તેનો જવાબ ન આપ્યો.

‘શાહિનબેગમ બહુ ફેશનવાળી હતી. સિનેમા જોવાનું, શૉપીંગકરવાનું અને સારા પોશાક પહેરીને મેક-અપ કરીને બહાર જવાનું તેને બહુ ગમતું...!’

‘મિસ્ટર મલિક, આ બાબતમાં મારાથી કશું કહી કે સાંભળી ન શકાય. આ નિયમ બહારની વાત છે, તેથી માફ કરશો.’

‘ઓ.કે., પણ અમારા કલ્ચર વિશે તમારે જાણવું જોઇએ એટલે આ વાત છેડી. અમારી કોમના ક્લાયન્ટ આવે અને અમારી રીતભાત જાણો, તો આઝાદ કાશ્મીરના લોકોની કૌટુંબિક રીતભાત (Family Dynamics)નો તમને ખ્યાલ આવે.’

“મિસ્ટર ‘જી’ ઘણા ધાર્મિક વૃત્તિના હતા. પાંચ વારની નમાઝ, સાદગી - તેમાં પત્નીની આવી ફેશનપરસ્તી તેમને ગમતી નહોતી. રોજ ઝઘડા થતા અંતે....” કહી મલિક સાહેબ ઘડિયાળ સામે જોઈને ઊભા થયા અને અગત્યની મિટિંગમાં જવાનું છે એમ કહીને ચાલ્યા ગયા.

આ વાતને ચારપાંચ મહિના થઈ ગયા. એક દિવસ ક્લાયન્ટને મળવા હું બહાર નીકળતો હતો, ત્યાં મેં સજ્જાદને રિસેપ્શનમાં જોયો.

‘સૉરી, એપૉઇન્ટમેન્ટ વગર તમને મળવા આવ્યો છું. આ તમારા માટે લાવ્યો છું.’ કહી તેણે મને ચૉકલેટનો ડબ્બો આપ્યો.

તેણે આગળ ઉમેર્યું, ‘મારાં લગ્ન થઈ ગયાં છે. એક તકલીફ છે. તમને કહું કે નહિ એવી ગડમથલમાં છું !’

ચૉકલેટનો ડબ્બો મેં અમારી રિસેપ્શનીસ્ટને આપ્યો. અમારી ઓફિસમાં મદદ માટે આવતી બહેનોનાં બાળકોને આવી ‘ગિફ્ટ’ વહેંચાતી. હું સજ્જાદને ઇન્ટરવ્યૂ રૂમમાં લઇ ગયો.

‘શાદી મુબારક; સજ્જાદ, કહે તો, શું વાત છે ?’

“મારી પત્ની પરવીન હાઈસ્કૂલ સુધી ભણી છે. તેની મોટી બહેન પણ અહીં જ લંડનમાં છે. તેની દેખાદેખીથી પરવીન પણ તેની ફેશન વગેરેની નકલ કરે છે. આધુનિક યુવતિ છે ને ! મને તો એ પસંદ છે, પણ ડૅડીને આ ગમતું નથી. એમને મારી મમ્મી સાથે પણ આ જ પ્રૉબ્લેમ હતો. રોજ ઝઘડા થાય છે. શું કરવું તે મને સમજાતું નથી. તેઓ અત્યંત દુ:ખી છે.”

‘તારા ડૅડી બે-ત્રણ મહિના તારા મોટા ભાઈ વાજીદને ઘેર અને ત્રણેક મહિના તારા ત્યાં વારાફરતી રહે તો કોઈ ફેર પડે ખરો ?’

‘વાજીદ મારો ભાઇ નથી. એ તો અમારા ગામના મુખીનો દીકરો છે. અહીં આવવા માટે ડૅડીએ મુખી પાસેથી કરજ લીધું હતું; બદલામાં તેણે શરત કરી હતી કે વાજીદને પોતાના મોટા દીકરા તરીકે નોંધાવી અહીં બોલાવી લેવો. અંતે થયું પણ એવું જ ! નામ સિવાય અમારો તેની સાથે કોઈ સંબંધ નથી.’

‘૭૦ના દાયકામાં ખાસ કરીને પાકિસ્તાની પરિવારોમાં આવી અનેક બાબતો થઇ હતી.

‘સજ્જાદ, હું તારા ડૅડી સાથે આ બાબતમાં જરૂર વાત કરીશ. જોઇશું, કોઇ હલ નીકળે છે કે કેમ !’ સજ્જાદ વીલા મોઢે ત્યાંથી નીકળી તો ગયો, પણ આ બાબતમાં કશું થશે તેની તેને ખાતરી નહોતી થઇ.

બીજા કે ત્રીજા બુધવારે મારા ઓપન હાઉસમાં અહેમદજી આવ્યા. મેં આ વિષયમાં વાત છેડી.

‘ક્યા કરું, પટેલ સા’બ ? છોકરી બહુ હેરાન કરે છે. એના બનેવીનો અહીં ખાનગી ટૅક્સીનો બિઝનેસ છે. પરવીનની બહેન મોંઘી કાર ફેરવે છે અને લાહોરથી મંગાવેલાં ડિઝાઈનર સલવાર-કમીઝ પહેરે છે. મારી ન્હૂ (વહુ)ને પણ એવા જ ઘરેણાં અને કપડાં, સિનેમા, રૂઝ-લિપસ્ટીક જોઇએ. મારાથી આ જોવાતું નથી. હું વતન પાછો જાઉં છું. જિંદગીના છેલ્લા દિવસ ટોપા મુર્તુઝામાં શાંતિથી ગુજારવાનો નિર્ણય કર્યો છે.’

ટોપા મુર્તુઝા!

મારા મગજમાં ‘બ્લીપ’ થઇ. મારા અંતર્મનની ભીતરમાં છુપાયેલી એક યાદ અચાનક બહાર આવી ગઇ.

વર્ષો પહેલાં કાશ્મીરમાં લાઇન ઓફ કન્ટ્રોલ પર બજાવેલી ડ્યુટીના દિવસ યાદ આવી ગયા. નજર સામે આવી પેલી રાત, જ્યાં સીમા પાર થતી શાદીની દાવતની રોશનાઈ મેં જોઈ હતી.

‘ચાચાજાન, તમારાં મર્હુમ બેગમ તાતાપાની ગામનાં તો નહોતાં ?’

આશ્ચર્યની નજરે મારી તરફ જોઇ તેમણે મને પૂછ્યું, ‘તમને કેવી રીતે ખબર પડી ? શું સજ્જાદે તમને આ વાત કરી હતી ?’

‘ના, ચાચાજાન. આ વાત મને સજ્જાદે નહોતી કહી. વાત કહેનાર હતો, મારી બડા ચિનાર ચોકી પાસેના ગામનો મુખી ગુલામ હૈદર - લગભગ સત્તર-અઢાર વર્ષ પહેલાં !’

-કેપ્ટન નરેન્દ્ર ફણસે

(નોંધ: જિપ્સીના જીવનની આ પ્રસંગકથા અગાઉ ‘અખંડ આનંદ’માં પ્રસિદ્ધ થઈ હતી.)